ખા, માંહે હીગ રતન જડાવ. વળી ચટકારો કરયો કામની સુંદર સુ કે નીરવાસ રખે ધકો દે મુજને તો હમણાં થાશે હાસ્ય એમ કરતાં કહિતક થયું રાણીનો વીસરયો હાર, નવ લાખ મોતી તણો વીસરીયો તે હાર. દેવીના દેવળ વીખે મુકી રાણી હાર. એવુ સુણીને ઉતરયો સુંદર તેણીવાર. ચોપાઇ—ત્યારે રાજા મુખે કહે વાણ સુંદર શુણો કહે નીરવાણ રાણીનો હાર હુતો જેહ ભુલ્યા બદ્રકાળીમાં તેહ એવું સુ ણી સુંદરે બીડી હામ આગ્ના દયો હુ જાઉ તે ઠામ ક્ષણમાં લઇને આવુ માહારાજ, એતો બીજા તણુ નહિ કાજ. વળી વીચારયુ સુંદ રે મન બલુ કીધુ શ્રી જુગજીવન મને ફુલવંતીની બીક બારી લાત મારી પાડત એ નારી. તે બયથી છુટયો આણીવાર તે તો કૃપા શ્રી દેવ મોરાર આગ્ના લઇ હાર લેવાને જાય પછે ફુલવંતી રૂવે રથ માંહે વળી મુખથી બોલે છે એમ રતુકાર કરૂ હવે કેમ, એના ગુણનું પા રખુ નંહ કીધુ. મેનો દુખ ઘણેરૂ કીધું તે મને કહયો બહુ ઉપદેશ. મેં તો માન્ગો નહી તે લેશ કદિ કીધી ન એશુ વાત, રૂપ સુણું બ રયો વીખીયાત.

સુંદરના વીયોગથી ફરી વીલાપ કરે છે.

ચોપાઇ—રૂદન કરવા માંડયુ તમાં નાર. સાંભળરે તું રતુકાર એ જે ગયો મારો અવતાર તુ કંથ વીના સુનો સંસાર. કંથ વીના નિક અવતાર તુને સાચુ કહુ રતુકાર ઘેર વેગે આવે બરથાર કૃપા કરે એ વિશ્વાધાર. કંથ વિના સાસરે નહિ માન. કંથ વિના ઉજડ ઘર રાન કંથ વીના મેહેલ શાન કંથ વીના નારીકું માન. કંથ વિનાં ન વદે સુકન્ન. કંથ વીના ન શોભે તન, કયારે થાસે કંથ દરશન, એમ ક રી રૂવે કામન. કંથ વિના સુની મુજ દેહ મેનો કીધા ન એસુ નેહ ફરી આંટા ન ચોરીમાં ચાર પ્રિતે આરોગ્યા નહિ કંસાર. એવું સુંણી

બોલી રતુકાર તું સાંભળ ઘેલી ફુલવંતી નાર. શાને દુખ ધરે આત્રા
ર, એ પાપીને માર પેજાર એઠુંજુઠું પીરશુ અને પેટ ભરીને આપ્યું
ન ભોજન. શું રૂદન કરે છે નાર એ પાપીને માર પેજાર. પંડ્યાને
ઘેર ભણુતી તુ ઝાઝ તે દહાડાનો એ મુરખો સાર તે ઉપર શો આવ્
ડો પ્યાર. એ મુરખાને માર પેજાર તેનું તુ નવ જોતી મુખ તે દી
ઠે કેમ થાસે સુખ, કોગટ દુખ ધરે નીરધાર એ પાપીને માર પેજાર
પુરવછાયા—વચન એવાં સાંભળી બોલી ફુલવતી નાર. મેણા સુને દે
ખરી ભલી રતુકાર સુંદર મારો સાહેબો હું સુંદરની નાર સુદર વીના
હુ શું કરૂ. મારો ધીક ધીક અવતાર. મેં આતુ જાણીયું નહિ સુંદર
એ કામદાર હવે હુ એની દાસી છુ એ મારો સાચો ભરથાર આવે
તો હમણાં વરૂં ફરૂં ફેરા ચાર. હેતે પ્રીતે ભાવશુ એને જમાડું કણ
સાર. ચોપાઇ—સવારે આવશે ભરથાર એતો લેવા ગયો છે હાર સા
મગરી આપણ જપે કરીએ આવેતો વેગે ફેરા ફરીયે વહેલી થાને તુ
રતુકાર પઇશા લેને તુ જાને બજાર, તલ જવ ને ગીદલ નાડાછડી,
લઇ આવતુ આની ઘડી. એક વીપને તેડી આવ હાથેવાળો ઝટ મે
ળટ મેળાવે તયારે રતુકાર કહે સુણુ બામ એતો ઉતાવળનુ નહિ કામ
વાત કહુ તે મનમાં ધરજો આવ્યા કેડે ગમે એમ કરજો ગતી ગો
વિંદની ન કળાય લખ્યા લેખ હોય તેમ થાય એમ કહીને કરયો ઉ
પદેશ. ફુલવંતી સુણ્યું નહિ લેશ. અતિ આનંદમાં બની બેની, સજણ.
પ.થરી પુંખની વહેલી પછી જોઇ રહી ત્યાં વાટ ન આવ્યો નાથ
થયો ઉચાટ એકલાં રહીએ આકુ હામ. ઘણી ગભરે વિતી ત્યાં જાગ
સુંદર હાર લઇ [illegible] [illegible]. કેમ ફેરો સવ ફળ્યો. રસ્તે થાય છે મા
ન શુકન તારે પેલા વિચારતું ગત જોસતરીએ તે રથ મોઝાર બે

ઠો માટે કોપી હશે નાર પ્રભુ તુજને ગમે તે ખરૂ હુતો ધ્યાન તગા રૂ બરૂં પુરવછાયા—હરણુ ડાબાં ઉતરે વશીયલ ડાબો જાય. કળકળી યો કળકળ કરે થરથર ધરૂજે કાય. તો પણ ચાલ્યો આવીયો પોતે નગરની પાસ. દરવાજા બીડ્યા તાંહાં દેખી થયો ઉદાસ થાકયા ચડે ડો આવીયા વેગે સુતા સાર. સાદ કરે સુંદર ઘણા કોઇ બોલે નહિ લગાર. ચોપાઇ—સુંદર સાદ કરે છે અપાર, પોળીયો ન બોલે લગાર જાગે જે કોઇ ધનનો ધણી જાગે જેને ચીંતા ઘણી. જાગે રાત અંધારી ચોર, જાગે ધન વરસતો મોર, જાગે જેના ઘરમાં સાપ જાગે જેનું દિકરાનો બાપ જાગે જેના માથ વેર. જાગે જેને બહુ ફીકર. જાગે જે કામએ જાર જાગે જે સકુળની નાર. પોળીઓ જાગ્યો નહી લગાર. સુંદર ઉભો તેણે દાર શ્રમ પડાયો થાક્યો સહી અરે દઇવ જાણે તે કહી. પુરવછાયા—દોહોડ પોહોર રેણી ગઇ. ઉઠયું નહી ત્યાં કોય. સુંદર આશા છાંડીને વીચારે મન સોય છેલ્લા સાદ કરૂ સહી. સુણતાં ઉઠે કોય, તો તો કામ સરે સહી, નહીતો વીપરીત હોય. ચોપાઇ—સુંદર સાદ કરે દશ બાર, પોળીયો ન બોલે લગાર, ત્યારે મનમાં વીચારે વાત હવે ઘણી ગઇ છે રાત. એક રૂડી દોડી પરસાલ માટે સુખ રહુ ત્યાં લગાર. ઘેર સુવાનુ ન સુખ હોય કારણ ગોદડી પાથરે સોય. ચોફાળ પાથર્યો તેણીવાર સુંદર સુતો તીયાં નીરધાર, ઢાલ તરવાર ઓશીંગે મુકી. પછે સુંદર પડીયો છે ઝુકી તીયાં નીરધાર ઢાલદાર એક વીઘન થયું તેણીવાર થાકી ગયો હતો પ્રધાન નીદ્રામાં નહિ તેને ભાન. પુરવછાયા—ચંદ્ર વેરી વાદળાં જળ વેરી શેવાળ; પુરૂષ વેરી નીદ્રા ઘણી મછને વેરણ જાળ. તેમ સુંદરને નીપજ્યુ નીંદ્રામાં તે ઠામ મનની વાત મનમાં રહી અકળાતો આરામ

મણીધર મોટો નીસર્યો ફરવા દરથી બહાર, ખુશબો આવી તેહની આવ્યો તેણે ઠાર. ચોપાઇ—જયાં સુદરે કર્યો આરામ ભોરીંગ આવ્યો તેણે ઠામ. છાતી ઉપર બેઠો જાણ સુંદર લહેર ખાતો પ્રમાણ. સુદર નીદ્રા આવી અપાર, તે તો જાગે નહિ લગાર ચુવા ચંદન પેમલ અંગ. તેને આનંદ પામીયો રંગ. ફેણ ચઢાવી ડોલે અપાર અઘોર નીંદરામાં છે કામદાર તેને સુદ્ધ નહિ લગાર. પાછુ ફેરવ્યુ તેણીવાર. પુરવછાયા.—સુદરે પાછુ ફેરવ્યું કર અડકયો તેવાર ભોરંગને વાગ્યું સહી. તેને કર્યો ચટકાર હાથ તણી જે આંગળી તેને કરડયો અપાર હળાહળ ચડી ગયું ઉઠયો ત્યાં કામદાર. ચોપાઇ—જેવા ઉઠવા જાય કામદાર લેહેર આવી પડયો તે ઠાર. તેનો પડતામા છુટ ગયો પ્રાણ તે તો વાત ન કોઇને જાણ. રાત અજવાળી ચટકી અપાર સોડ તાણી સુતો કામદાર. સબવત થયું છે શરીર તેને કોણ પાએ ત્યાં નીર એક કઉતક કારમુ હોય ગઇ હતી હરીનીકળી નહિ દેય એક ધાંચણ પુત્રી નીરધાર. તેતો રહે છે નગરથી બહાર મંત્ર જંત્ર જાણે છે અપાર. તેને તાગી મુકી ભરથાર. પાસે દ્રવ્ય તણો નહિ પાર મન માન્યો ખોળે ભરથાર. તેનો ફરવાને નાસરી બહાર ફરતાં ફરતાં આવી તે ઠાર સુતો દીઠો પુરૂષ નીરધાર જોઇ મનમાં કરયો વીચાર. ડાકણ પુત્રી જોઇ રાજી અપાર જે હાયને મારો ભરથાર ઉભી રહી તયાં ટગમગ જોય સોડ તાણીને સુતો તે સોય. તે તો મુખે બોલી તેણીવાર હડો ઉઠોને મુજ ભરથાર. સોડ ઉચી કરી જેટલે સુંદર સુતો દિઠો નેટએ આજ સફળ થયો અવતાર હુંતો રૂડો પામી ભરથાર મારા ભાગ્ય તણો નહિ પાર. આજ ભડકયા શી જુ ગદાધાર. પુરવછાયા—હરખા જોતાં મનથીરી ડાકણ પુત્રી સાર, છેડો લઇ ઉચો કર્યો. દિઠો તયાં કામદાર ઉજેણીથી આવીયા નીદ્રાળુ

જ સ્વામ બોલો બોલો મુજ થકી પોચે મનની હામ બોલાવ્યો બોલે નહિ આતે શું કહેવાય અંગ બધુ તે જોઈવળી કરડગે મણીધર તયાંય ડંસ કરયો છે આંગળી તે જોયો કામન. વીખ વાળુ આણી ઘડી દુર કરૂ વીઘન. ચોપાઈ—ડસ્યો દીઠો આંગળીએ ભોરંગ તેનુ ઝેર ચડયું છે. અંગ હમણાં જીવતો કરૂં ભરથાર ઝેર ઉતારૂ આણી વારા આંગળી મુખ લઈને સાર મંત્ર ભણીને ચુશી તેણીવાર ઘટીકા બે થઈ છે. જયારે પ્રાણ આવ્યો દેહમાં તયારે ઉઠી બેઠો થયો દા મદાર જુવે તો પાસે દિઠી નાર. ત્યારે મનમાં કરે વિચાર. મારી પાસે આ કયાંથી નાર. પુરવછાયા—કોણ છેરે તુ કામની સાચુ બોલ વચન. ડાકણ સાકણ કે વંતરી કેહેને આને દન. કરજોડી કહે કામની સત્ય કહુ આ ઠાર હું ઘાંચણની દીકરી પામી તમ ભરથાર. ચોપાઈ—સુંદર મુખથી બોલ્યો વાણ. નારી ઘેલી દીસે છે પ્રમાણ તમે ઘાંચી અમે રાજન ઘેલી થઈને શુ બોલે વચન. ત્યારે નારી બોલી તેણીવાર એમાં કોણ ઘેલુ ભરથાર તમને કરડયો હતો ભોરંગ. તેનુ ઝેર ચહડયુંતું અંગ. તેતો ઉતારયુ તેણીવાર સજીવન કીધા ભરથાર નહી માને તો ઝેર ચઢાવુ હુંતો તમારે ઘેર આવું ત્યારે બીન્યો અતી કામદાર ત્યારે ઘેર હું આવું નાર. પાસે પડયો દીઠો ભોરંગ. તેને ઝેર ચડયું છે અંગ સાચી વાત જોઈ કામદાર ઘેર લઈ ત્યાં ચાલી નાર. પોતાને ઘેર લાવી સુંદર સાથે પરણી પ્રેમરસમાં લીન બની આણંદથા દીવસ ગાળવા લાગી એક દીવસ બંનેજણ બાજી રમતાં હતાં ત્યારે સુંદરે કહ્યું કે હવે અમને અમારે ઘેર જવાની રજા આપો ત્યારે તે બોલી કે જો તમે ઘેર જવાનું નામ લેશો તો તમને પાછું ઝેર ચઢશે તો પ્રાણ જશે. તે સાંભળી સુંદરને બહુ

સ ચઢી અને બે ચાર લાત જડી કાઢી તોપણ તે બોલી નહિ અ
ને પોતાનું ચરીત્ર બતાવી વસ કરી લીધો ભદ્રાવતી વીશે શુ થાએ
શુતા ઉઠયા પોતે રાજન રેણી વીતી ઉગ્યો દન. જુઓ ઘેર આવ્યો
કામદાર જઇને પુછો તેની નાર. ઘોડો ઠાલો આવ્યો દુવાર નથી આ
વ્યો તે કામદાર. ભદ્રસેને તે સાંભળી વાત શુ થયુરે દીનાનાથ ઘો
ડો કેમ આવ્યો એકલો ઘેર ખબર કરાવો રૂડીપેર આડા અવળી
દોડયા અસ્વાર કાંઇ આવ્યા નહિ કામદાર. હલકલ્લો થયો ત્યાં જાણ્યુ
ત્યારે રાજા બોલ્યો વાણ્યુ જુંવો જુંવો એ પ્રધાન એને શુરે થયું
વીધન પ્રધાન આવે નહિ આ ઠામ તો અન્ન ખાવું છે હરામ નહી
તર પાડુ મારી કાય અગનીમાં બાળુ હુ સહી પુરવછાયા—અગનીમાં
નીશ્ચય બળુ એમ વિચારે આપ. એ પ્રતિગ્યા માહરી અણહુતપાહોક
પાપ. એવા સમ ખાધા સહી ચેન નહિરે લગાર ઘરમા ફુલવતી ૨ડે
રૂવે ઘણું કુતુહાર રઇયત સરવે કળકળે સોકાતુર સહુ હોય. સુંદર બે
ઠો મોહોલમાં કળી સકે નહી કોય ચોપાઇ—સુંદર બેઠો મેહેલ મો
જાર ચોપટ રમે છે નરને નાર રાત ગઇ છે. ઘટીકા ચાર સુદરના
પડયા પોબાર. તેણે સમે પ્રદેશી જોડ મોહોલ હેઠે નીસરયા તેહ. તે
તો વાત કરતા જાએ. નગરમાં થગો છે અન્યાય. રમતાં રંગ મચ્યો
છે અપાર જીત્યા સુંદર તેને હાર પછી પાસા લીધા છે નાર. બહુ
વીત્ર નાખ્યા પોબાર વાત કરતા પ્રદેશી જાએ જો ન આવે સુદર રાયે
આઠ દીવસે વળી પ્રમાંણુ અગનીમાં બળશે નીરવાણુ સાંભળ કહુછુ
તુને હવે શીખ દેને તુ મુને ત્યારે મુખથી બોલી બામ મુજ દુખણી
નો તુજ વીસરામ. થનાર હશે તે દેશુ થવા પણ તમને નહિ દેઊ
જવા તમ વીનાનું નવ રહેવાય. ઘડી એક સો વરસની થાયે મેતો
શા કિધા અપરાધ સંતોસ્યા નહી કોઇ સાધ મેતો દેવળ ડુંગર બાં

ધ્યા તેમાં દેશ પ્યારા ટાળ્યા. મેં તો વગડામાં પાડીશુ વાટ મેં તો અગ્રી ના ઉતારયા ઘાટ મેં તો ટોળામાં નાખી જાળ કોઈને કુડી ચડાવી આળ. મેં તો ગોત્રમાં કીધી સગાઈ મે તો પરણાવ્યાં બેનને ભાઈ મેં તો સાસુને મેણા દીધ મેતો એવાં પ્રાશ્ચીત કીધ. ચુરવછાયા—કાલા વાલા કરે કામની સાંભળો મારા સ્વામી બેઠા રહો તમ ઘર વીશે. જવાનું મુકો નામ. સુંદર વાણી બોલ્યો સાંભળરે તુ નાર મન ગમે તે કરો સહી અમે જાશુ રાજદુવાર જો ત્યાં હુ જાઉ નહિ તો રાજા છાંડે પ્રાણ તે માટે તુજને કહુ થાશે મોટી હાણ નારી વળતી ઓચરી. રાજા છાંડે કાયે તમને જાવા નહિ દઉં કરો કોટી ઉપાય. વળી જીવ જાશે તમ તણો સાચી કહુંછુ વાત. રીસ ચડી ઘણી મન વીશે સુંદરે મારી લાત કામની કહે મારો તમો બીજી મારા શ્યામ, તમને જાવા નહિ દઉં. મુકો મનની હામ. બીજે દીવસ એમ વહી ગયો થયો સંધ્યાકાળ ભોજન લાવી ભાવતાં ભરી લાવી થાળ ભોજન કરીને ઉઠયા સજા પાથરી નાર. આવો સ્વામી માહરા પોઢોને ભરથાર. રંગ ભોગ કીધો ઘણો સુખ પામી કામન નીદ્રા આવી તેહ ને. આવા લાગ જોઇ સુંદર પોપટ બનાવી દીધો ત્રણ દીવસ પછી તે પોપટના પાંજરા આગળ જઈ ઉઘાડી નખરો કરવા લાગી તેનો લાગ જોઇ પોપટ ઉડી ગયો વાંચણ પણ સમળી બની તેની પછવાડે ગઇ. પોપટ ઉડતો ઉડતો ભદ્રસેનની કુમારી કન્યા પ્રભાવતીના ખોળામાં આવી બેઠો. ચોપાઈ—ભલો દીધો મને કીરતાર પછી ઉચુ જોયું તેણીવાર, એક સમળી દીઠી ત્યાં જાણુ. પ્રભાવતી મુખ વાણુ ઉદ્દાબેગીન કહે તેણીવાર, તમે સમળીને મારો આ હાર. ધોકા લઈને વળી જોતી ધાએ. સમળી તીહાંથી નાઠી જાયે પોપટ સુંદર દીધો તે સાર રાખે કરસન કરે ઉચ્ચાર. આજ સફળ થયો છે અવતાર

અલો દીધો મને કીરતાર. પુરવછાયા—પોપટ રાખ્યો પરેમદા. સમળી જુવે તે જાગ. પ્રભાવતી ધારે નહી, ફાવે નહી કાંઇ લાગ. સમળી ધાછી વળી ગઇ મુકી મનની હામ, આશા ભંગ થઇ કામની કરતી ઘરનાં કામ. પ્રભાવતી બહુ પરેમથી. પોપટ મુકે ન લગાર. છાતી ઉપર રાખતી. તું મારો દીલદાર. ચોપાઇ—આવો આવોરે પ્રાણજીવન મારૂ તુજશુ બંધાણું મન, હુંતો દુખણી થઉ તે અતી આમ. મારા જીવતણા વીશરામ પોપટ આવોને આપણુ રમીએ ભેળાં બેશીને બે ઉ જણ જમીએ. મધ્યાનકાળ થયો તેણીવાર. મોહોલે સુતી પ્રભાવતી નાર. દાસી કોઇ નથી તવ પાસ. એકાંતે સુતી અવાસ, પોપટ પાસે રાખ્યો છે સહી. તેને જોડે છાતીમાં લઇ. કાંઇ જમસો પોપટ રામ, કર શંખુ હું આણે ઠામ, તેતો જમોને પ્રીતે કરી, નારીએ સજ પાથરી આવો સુઇએ તે પોપટરામ. મારે બીજાનું છે નહી કામ, છાતી ઉપર રાખે સાર, તેને મુકે નહીરે લગાર. પોહોર પાછલો દિવસ હોએ. પાસે દાસી તીયાં આવે સોયે. પોપટ ખોળામાં લઇ બેઠી જઇ ચાંહાં. એટલે સમળી આવી છે તીયાંહાં દીઠી સમળીને ચડી બહુ રીશ, ઉડતાબેગી છેદો એનું શીશ. ધોકો લઇને ઉઠી દાસી ધાઇ પુત્રી ગઇ તીયાંથી નાશી દેખી ધોકો નાઠી તીયાંથી નાર, મેં તો બોયો મારો ભરથાર. પછે આવી તે મંદીર માંહે આશ મુકીને બેઠી તીયાંયે. બોલી પ્રભાવતી તે નાર, સંધ્યાકાળ થયો તેણીવાર, મોહોલ પોતાનો છે એકાંત જોઇ પોપટને થાએ શાંત. દીપક બળે છે ચારે પાસ. તેણે થઇ રહ્યો ઉજાસ. પોપટ કાહાડયો પાંજરેથી બાહાર રાજા પાસે આવી તે નાર કાંઇ બેસાડી પોપટ રામ. મારા પ્રાણતણા બીશરામ. સુખડી લઇ મુકી તે પાસ તમે જમો. તે મન ઉલાસ રાત પડી ને સુતી તયાં નાર. એકલી પોતે મોહોલ મોઝાર દીપક બળે

છે ચારે પાસ. તેના તેજનો બહુ પ્રકાસ. પુરવછાયા—પ્રભાવતી સુની
ફરી હઇડે હરખ ન માય સુડા ઉપર હાથ ફેરવ્યો ગળે દોરડાં તી
યાં દોરી આ રેશમ તણી નાંખ્યા ગળાને દામ કોઇ પાપી નર નારી
એ કીધુ કુડુ કામ. ચોપાઇ—દોરી છોડી તે છુટે નહિ કાતરે કાપી
નાખી છે તહી એટલે થઇ રહયો કામદાર દેખી લજા પામી ઘણુ
નાર. પુંઠવાળી ઊભો કામદાર મુખથી બોલ્યો નહિ લગાર તવ નારી
એ વિચારયું મન તમે સાંભળો મારા સ્વામીન હુતો છું તમારી ના
ર. તમે સાચા મારા ભરથાર, ત્યારે મુખથી બોલ્યો કામદાર હુતો
તેસી દીસે છે નાર. અનઘટતું તે કેમજ હોયે સુણી હાંસી કરે સૈ
કોયે એનો લાજ ભરેલુ કામ ફરી એવું માં લેશો નામ. પુરવછાયા
—ઘટે નહિ એ મુજને કરવું કુડુ કામ ધરમ નહી પ્રધાનનો વિચા
રો મન ભામ. સુણતાં બોલી સુંદરી તપી વીરહને તાપ, સાચા સ્વા
મી છો તમો અવર ભાઇને બાપ ચોપાઇ - સચુ માનો તમે કામદા
ર તમે સ્વામીને હુ છુ નાર આવો ફરીએ તે આંટા ચાર. ભેળાં બે
સી જમીએ કંસાર સુંદર બોલ્યો મુખથી વચન તુ તો સાંભળને
કામન હુતો રાય તણો દીવાન એ વાતે પામુ અપમાન પુરવછાયા—
તમને હુ છોડુ નહિ સાચુ માનો સુંજાણ. જો ના કહેશો મુખથકી
કાઢીશ મારા પ્રાણ તમે નહિ જાઓ જીવતા શીદ પાડો મને ફાળ
દીઠી એબજ માહરી માટે આણુ કાળ. ચોપાઇ—માટે માનોને માહ
રી વાત નહીતો થાશે એકની ઘાત, ત્યારે બીનો સુણ કામદાર ભલો
ભલોરે તુ વીશ્વાધાર એકે પુરૂ ન આપ્યુ અનુ ફાટલ ગોદડી કરવા
એન બીજી ડાકણ પુત્રી સાર તેણે પોપટ કીધો તે ઠાર. વળતી મુખ
થી બોલ્યો કામદાર જેમ જેમ કહે તેમ કર હુ નાર. આવો આંટા
ફરીએ ચાર એવુ શુણતાં રાજી થઇ તે અપાર. ફેરા ફરીઆ પછે તે

ઘડી તેને વાર ન લાગી વળી, હતે પ્રીતે જગીબા કુંસાર બહુ લાજ
કરતી નાર. તે રેણી વહિને જાય ત્રીજા દિવસની વેળા થાય એટલે
પ્રભાત થયો તેણીવાર દાતણ પાણી કરો કામદાર દાશીને કહી મુક
શુ આ વાર. કોઇ આવે નહિ આણે દ્વાર, તેની ખબર રાખો રૂડી પે
ર નર નારી કીજે શુણ લહેર. દાતણ કરી રહ્યા કામદાર. એક કું
ડીઓ કીધો તઇઆર પછે નારી કહે તેણીવાર આમાં બેસો તમે કા
મદાર. પુરવછાયા—રામે કુંડીઆને જોઇ કરી. બોલ્યો તેણી ડાર, એ
માં કેમ ઘલો તમો એમ કહે કામદાર. વળતી નાર એમ કહે તમે
શુણો મારા સ્વામ કુંડીઆમાં પેસો સહી. ચાર ઘડીનુ કામ. ચોપાઇ—
બે ચાર ઘડીનુ છે કામ કોને ખબર ન થશે સ્વામ તમને કહેતાં પડે
વિચાર મારી જીભ કાપુ આણીવાર પછે કુંડીઆમાં પેઠો કામદાર ઉ
પર ઢાંકયુ નાર. શુંદર સગરે સારપ્રમાણુ મધુશુદનજી રાખજો મા
ન. પાજરેથી છોડો તમે શામ કુંડીઆમાં પેઠો આણે હામ મારા દુ
ખનો ન આવ્યો પાર. ભલો ભલો તુ સિરજાધાર. કુંડીઆમાં પેઠો
સહી. ઘડી થઇ બેચાર ઉડદાળેગી જોઇ કરી રૂદન માંડયુ નાર પોપ
ટ સમળી લઇ ગઇ તે નવ રાખી તપાસ ચેન પડે નહી મુજને ન
આવીશ મરી પાસ. એમ કહી ઉઠી ખરી. ધોકો લીધો નાર દાસી
ને ઝાલી કરી મારયા ત્યાં બે ચાર. ચોપાઈ—આવી વણ ગુને મારી
હું રાંક વણે ગુને તે મારી અમને ઝાઝી વાત તે શું કહીએ તમને
પોપટ આવ્યે હું તો એક પાસ તેને સમળી લઇ ગઇ આકાશ. ક
હો એવડો શો અમારો વાંક. વણુ ગુને મારી હુ રાંક માતા આવી
પુત્રી અવાસ કહે શાને શો અમારો વાંક વણુ ગુને મારી હુ રાંક.
માતા આવી પુત્રી આવાસ. કહે શાને મારી તે દસ પ્રભાતની બો
લી તે વાર. શોધ પડી ત્યાં રાજકુમાર એક પોપટ આવ્યો તો આ

હી તેને સમળી તે લઇ ગઈ દાશીએ નવ રાખી તપાસ સમળી લ ઇને ઉડી અ.કાશ. તેની રીસ ચડી મુને ખરી માટે દાશીને શીક્ષા કરી પુરવછાયા—હવે કોઇ આવે નહિ માતા મારી પાસ. રસોઇ કરી હારે જમુ હું પોતાને અવાસ. એક ડંડીછે માળીઓ બીડીઆં તેના દવાર ભોજન કીધાં ભાવતાં જમાડયો ભરથાર. ચોપાઇ—તે દીવસ એમ વહીને જાય. સંધ્યાકાળની વેળા થાય ત્યારે સુંદર કહે વચન તુતો સાંભળને કામન રાજાએ પણ લીધું છે જાણ અગ્નિમાં બળવું નીરધાર. આઠ દીવસ ા વાયદો હોય તેમાં પાંચ વીતી ગયા સાય તે નો છે મુજને સંતાપ નીશ્ચે બળશે તારો બાપ તે માટે હુ જાઉ ઘે ર આગ્યા દેતું રૂડી પેર. તેવારે કહેછે દઉ નહી જાવા થનાર હશે તે દેશું થાવા તમે રહો સ્વામીજી મુજ પાસ મુને કરશો નહી નીરાસ પુરવછાયા—માંડયા પાસા સોગટાં જે છે નરને નાર રમત લાગી રં ગશુ તેને પાડયા પોબાર. પ્રભાવતી જીતી સહી હારયા ત્યાં કુમદાર બીજીવાર પછે નાંખીયા વળી પાડયા પોબાર રમત ઝડ મચી રહી ઠોકા થયા અપાર રખવાળો બેઠાં સહિ ઢળીતા તે સો ચાર. ઠોકા કા ને સાંભળ્યા રખવાર પોકાર છે. જેહ સાંભળતાં અચરત થયા જોતાં મનમાં તેહ. ચોપાઇ—સુનોએ સુનોએ તુમચાર ઠોકા હોતાહે મેહેલ મોઝાર ઉસ ખાતર કેહને હે તમકુ રીસ કરગે હમકુ સાવચેત બેઠા થઈ જાણું તવ સુદર બોલ્યો વાણ, જાવા દયો મુજને નાર હું તો માનુ તમારો ઉપકાર. પુરવછાયા—નારી વળતું એમ કહે પ્યારી કહુછું વાત તમને જાવા નહિ દઉં. કરશો નહિ ઉતપાત. કાલાવાલા કીધા ઘ ણા તોયે માને નહિ લગાર રીસ ચડી મન અતીઘણી ધોલ મારી બેચાર નારી પડી પૃથ્વી ઉપર મારો બીજી લાત તમને જાવા નહિ દઉ કહુછું સાચી વાત. ચોપાઈ—જાવા નહિ દઉ તમને કંથ જાને

કરીશકો કલપાંત માટે રીસ ઉતારો સ્વામ, પુરો તે મારો મનની હામ સ્ત્રીએ ચરીત્ર કીધાં રીસ ઉતારી બરથાર પછી રંગભોગ ત્યાં કીધ. પ્રભાવતીને બહુ સુખ દીધ સુંદર કરે છે મન વીચાર જેમ તેમ સુખે રહે નાર. એટલે સુતી પ્રભાવતી જાણુ ભર નીદ્રા આવી તેને જાણ પછે ચિંતરે ત્યાં કામદાર ખરો લાગ આવ્યો નીરધાર સુંતી મુકી આવું ઠાર. બારીએથી ઉતરૂ આણીવાર. પુરવછાયા—એમ જાણીને ઉઠીઓ બારીએ આવ્યો સોય રાંઢવું એકજ બાંધીયુ જેમ ન જાણે કોય, હળવે હેઠે ઉતરયો જોતાં તેણીવાર બીક ઘણી મનડા બીજે ઘરે બહુ કામદાર ચોકીવાળા જાગીયા જોતાં તેણે ઠામ ભુસકે બારે થયો. બોલ્યા મુખથી આમ ચોપાઇ—કોનબે કોનબે દેખો ચારો સબ રહો તુમ હુશીયારો કોઇ ચાકર પડીયા ચોકમાં દેખો રશી બાંધી હે ગોખમાં આપણા ચેકીવાલા હે ભાઇ અપને રોટી ગમકી ખાઇ લેતાં બરછી ઢાલ તરવાર કમરમે બાંધો કટાર ચોર ભગો ઉભી બજા ર કુકે ઢગીત થયા હોંશીયાર રાગસે ઢળીત જે કહેવાય તે તો સુંદર કેડે થાય, રાત બે પોહોર ગઇ છે જાણ દીઠો નગર શેઠ પ્રમાણે, ના સુ કરે છે પુત્રને બાપ દીપક બલે ને બેઠા છે આપ. મોતીચંદ શીવ ચંદ એનુ નામ સુંદર આવ્યો તેણે ઠામ. તયાં તો આવીને ઉભો ર હયો, શેઠને સમાચાર મુખથી નહયો પુરવછાયા—રાખ રાખ શેઠ મુઝને જીવ દયા પ્રતીપાળ. ચોરસ્યું રાજા તણો તુ મુજને ઉગાર પુ ત્ર પીતા બે જોઇ રહયા, હવે કેમ કરશુ આજ; સરણાગત ઉગારૂ યો. લજ્જા રાખે મહારાજ. એમ કહીને ઉઠીયા આવ્યા ઘર મોઝાર નારીને કહે સાંભળો. શો કરવો વીચાર. ચોરને લઇ સંતાડવા જુવે વાણથી જેમ ઉગારૂં તુજને ખરો. પછી ખરૂ તુજ ભાગ. ચોપાઇ— વીચાર કરે છે. નરને નાર એટલે ઢગીત આવ્યા સો ચાર બોલ્યા બે

તુમ સાહુકાર ચોર આવ્યો તારે દ્વાર. ભાંગો ભાંગો ઉનકા કમાડ, એસા કામ કરે સાહુકાર હળીલ બોલ્યા તેણીવાર. થરથર કાંપે તે ઘર મોઝાર શેઠ કહે કરવુ એવું કાજ, જેમ આપણી રહે વળી લાજ પરપંચ કરીને ઉગારૂ માટે પુત્ર ભેગો સુવારૂ પછે ચોરને તે સાહકારી સી પુત્રી ખાટલામાં સુઇ રહી હતી તેના ભેગો સુવાડ્યો ત્યારે સુંદર બોલ્યા વાણ હુનો હુ દેઢ પ્રમાણ. ત્યારે શેઠે વીચારયું આપ. જીવ ઉગારૂં તો બેસે ન પાપ; ત્યારે પુત્રીએ કરયો વીચાર દીધો ઢેડ મુને ભરથાર પીતા કહેતે ચડાવું શીશ નહિતો દુભાય શ્રી જગદીશ, જેમ નશીબે લખ્યું તેમ હોય તેમાં દોશ નદેશો કોય. પછે પુત્રીને આવ્યુ જ્ઞાન ભલુ કરશે શ્રી ભગવાન મારા શીરનો છે છત્રજ એહને આપુ મારી દેહ. એમ કહી તે ચોરને છોકરીએ પોતાની સાથે સુવાડ્યો ચોકીયાતે બારણા ઉઘાડ્યા. શીપાઇ અંદર દાખલ થઇ તપાસવા લાગ્યા તપાસતા તપાસતા જ્યાં સુંદર થરથી કંપી રહ્યો છે ત્યાં આવ્યા તે જોઇ સાકરબાઇ બોલી કે અહીંઆં મારા ભરથાર પતી વગર બીજુ કોઇ નથી માટે તમે જાઓ. સાકરબાઇના આવા વચન શાંભળી ચોકીદારો ચાલી ગયા. સાકરબાઇએ સુંદરને ઉઠાડી કહ્યું કે હવે તમે મારા પ્રાણધાર થઇ ચુક્યા છો માટે ચાલો ચાર ફેરા ફરીએ સુંદરે તેમ નહી કરવાને બહુ સમજાવી પણ તેણીએ પોતાની લીધેલી હઠ મુકી નહિ. સુંદરના કહેવાથી સાકરબાઇ પોતાની મા પાસે આવીને પોતાની હકીકત કહી પણ તેની માનતા તે ઢેડ સાથે પરણવાનો પોતાનો નહી વીચાર દરશાવ્યો. તે જાણી તેનો પીતા તથા બાઇ બહુ દીલગીર થયા. સાકરબાઇ પોતાના ઓરડામાં આવી તેના બારણા બંધ કરી સુંદરને કહ્યુ કે ચોપાઇ—આવો આવો મારા ભરથાર તમે બીક માં ધરશો લગાર માતા પીતાને પુછી વાત [illegible]

જને કહે છે નાથ. નારી કહે તમારે શુ કામ ઝાઝી વાત ન કીજીએ શામ ત્યારે સુંદર કહે તેણીવાર તારે ગમે તે કર તું નાર. પુરવછાયા ચાર કળસ તે માંડયા હોમી ઘીની ધાર ચર ભક્ષી કરીને ઉઠયા મગર વરતયા ચાર ત્યાંતો આરોગાંયા કણુસાર પરણી ઉઠયા રૂડી રીત માંહોમાંહે વાધી ઘણી પ્રીત. ઉષણોદકે કીધાં પછે સ્નાન અંગે પહેર્યાં વસ્ત્ર નીધાન. ભોજન પંચામ્રત પકવાન. બીડી કરી ખવરાવ્યા પાન ઉપમા બહુ સ્વામીને દીધ પછી મંગળ આરતી કીધ રૂડી પુષ્પની સજ્જા તઈવાર. આવો પોઢો મારા ભરથાર વીલાસ કરયો છે નાર. હરખ પામી ઘણુ મન નાર. પાન સોપારી એલચી ચાર દેછે સ્વામીને નીરધાર. પુરવછાયા—તે રજની એમ વહી ગઇ. થયો પ્રાતુસકાળ, મુખ મંજન કીધું સહી સેવા કરતી નાર. ચંદન દેહુ ચરચીયું. પુષ્પ સમરપ્યા હાર હરખ અતી હઈયા વીશે રૂપ તણો અવતા. ચોપાઇ—એવી પુજા તે કીધી નાર મોહોલથી ઉતરી તેણીવાર માતા પાસે પુત્રી આવી જયારે. રીસ કરીને બોલી એમ ત્યારે, મારા ઘરમાં તુ માં આવીશ. મારૂ ઘર તુ અભડાવીશ, તેં તે ઢેડ કર્યો ભરથાર. તુ તો છેટી ઉભી રહે બહાર, માત પુત્રી કરે છે વાત એટલે ઘરમાં આવ્યો તાત. મોતીચંદ કહે સુણ બાઇ. તેં તો ઢેડશુ કરી સગાઈ. એ વાત કંઇ પેર સંતાડુ. લોકને મુખ શુ દેખાડુ મારૂ મરણુ આવ્યુ આણીવાર. નહીતર મારૂ પેટ કટાર એમ કળકળે શાહુકાર. તત્ર બોલી મોતીચંદ નાર. સ્વામી ચડી જુંવો આવાસ. વેગે જાઓની ઢેડની પાસ કપટી રૂપ વીશકરણુ હોય તેણે પુત્રી લોભવી કાય, એવો પુરૂષ ન દીઠો કોય કાંઇ કારણ એમાં હોય. એમ કહી શેઠ ઉપર આવીને જોયું તો સુંદરને દીઠો. બન્ને ખુબ હેતથી ભેટયા શેઠ રાજી થયો. આ પ્રમાણે સકરબાઇ અને સુંદર બંને રંગરાગમાં

ગુલતાન બની ગયા છે. રાજાને બળી મરવાના બે દિવસ બાંકી રહયા તેની ચીંતામાં રાજા પડયો છે. સુંદરનો જીવ રાજામાં વળગી રહયો છે. પણ સાકરબાઈ સુંદરને જરાપણ પોતાની આગળથી ખસવા દેતી નથી. સુંદર બહુ સમજાવે છે બહુ વીનવે છે પણ તેણી હા કહેતી નથી. સુંદર બહુ ખીજવાઇ ગયો તેને તરછોડીને પાછુ મારી કામન. પણ નવ મુકે નીરધાર; તમે બીજી મારો શામ. પણ જાવાનું નવલે શો નાંમ. ત્યારે ધોલ મારી કામદાર મોહોલમાંથી આવ્યો બહાર. પરસાલે આવી બેઠો સોએ જતાં આવતાં માણસ જોએ પુરવછાયા— માણસ સઘળાં જોઇ રહયાં, આ સુદર કામદાર તતક્ષણ તેતો દોડી યા. આવ્યા રાજદ્દુવાર. વધામણી એ અમતણી દેખાડુ કામદાર વચ ન એવાં સાંભળી હરખ પામયો અપાર તે ઘડી રાજા ઉઠીયા તેડવા પોતે જાત મહાજન સરવે ભેળુ થયુ ઉલ્લટ અંગમાં ન માય. ચોપાઈ--તેને ઉલ્લટ અંગ ન માય આવ્યા મોતીચંદને ત્યાંય આવ્ય મ લપતર ત્યાં રાજન મોતીચંદનું માન્યુ મન રાજા મુખથી બોલ્યો સોય. મુજને સુદર દેખાડો કોઇ મોતીચંદ ગયો ઘરમાંય સુંદર ઉભો છે વળી ત્યાંય છેડે વળગી છે કામન જાવા નહિ દઉ સ્વામીન સુંદર ઘણો કરે છે ઉપાએ સુંદર ચાલો તેડે રૂંજન તયારે મુખથી બોલી કામન મારા સ્વામી જો બહારે જાય અહી પાછો ન મુકે રાય. તયારે શોરે અમારો તોલ જાતા રહે પછે બોલ્યા બોલ. મોતીચંદ સમજાવે.બાળ, પણ ફાવે નહિ કાંઇ તાલ વીચારીને મનમાં રહયો. રાજા પ્રત્યે બોલજ કહયો તમને તેડે છે કામદાર. રાજાને મેલો તેણે હાર તોય પણ ન મુકે નાર મુખે કહેતી તે નકાર. પુરવછાયા—તતક્ષણ રાજા ઉઠીયા આવ્યા મોહોલ મોજાર સુંદરે દીઠા જેટલે છુટી આંસુ ધાર. ભુજ ભીડીને ભેટીયા ભલો ભલો કામદાર દરબાર ચાલો આપ

ણી તવ મુખથી બોલી નાર. ચોપાઇ—તયારે મુખથી બોલી નાર, તમે મારા પીતા કેરે દાર ગોને હુ પરણી રાજન એતો મારો છે સ્વામીન. અહી થકી જો આળગો જાએ પાછો એ નવ આવે રાએ. કાંઇ જોર ન ચાલે લગાર અમે રાંક વરણથી અઢાર. તયારે રાજા બોલ્યો વાણુ મારી પુતરી તું પ્રમાણ તુ મોકલ રૂડીપેર. એતા આવશે તારે ઘેર નારી કહે તમે પાળો બોલ રાજ વચનનો આગોલ કેલ તો મુજને આવે વિશ્વાસ તો હું મુકુ તમારી પાસ તવ રાજા બોલ્યા મુખે બોલ આલે મારા બાપનો કોલ તમે ધીરજ ધરો લગાર. એવી હઠ ન કીજે નાર. પુરવછાયા—કોલ દઇ પાછા વળ્યાં સુંદર બેલો જાએ બારણે આવી ઉભા રહયા ગુણીજન ગુણ બહુ ગાએ ભાટ ચારણ ગુણી ગાંધરવ. બોલે જય જયકાર વખાણ કરતા તે સહી. ભલો સુંદર કામદાર ચોપાઇ—જોવા મળી ત્યાં વરણ અઢાર. મનમા સહુને હરખ અપાર. ભલે ભલે આવીયો પ્રધાન ઘણું હરખ પામ્યા રાજન પુરવછાયા—હરખ રાજા પામીઓ વરતયો જયજયકાર ખબર થઇ છે ત્યાં કને જયાં બેઠી ફુલવતી નાર તતક્ષણ વહેલજ જોતરી. બે ગીછે સુતાર વેગે વહીને આવીયાં. મોતીચંદને દુવાર ચોપાઇ—આવી આવી ફુલવંતી નાર. સાથ દાસી છે સુતાર દોડા ધાંગીઘેરી બાળ તે પણ આવી ત્યાં તતકાળ પ્રભાવતીને ખબરજ હોએ વહેલે બેસીને આવી ત્યાંએ. સરવે આવી મોતીચંદને ઘેર. હવે ગીપજે કેવી પેર પછે દેડી મોતીચંદની તન, આવી જયા પોતાનો સ્વામીન પાસે આવીને ઉભી નાર. બીજી ત્રણ નારી તેણે ઠાર ત્રણ દીઠી જયારે કામની રીસ ચડી ઘણી ભામની. સાકરબાઇ બોલી વચન. તમે ઘરમાં આવો સ્વામીને ચાલો ચાલો સ્વામીન ઘર માંહે. તમે શું રે બેઠા આંહે એવાં વચન સાકરબાઇએ કહ્યાં ફુલવંતીથી નવ જાએ સહ્યાં. એતો કે

મ કહે ભરથાર એમ કહી કાંડુ ઝાલ્યુ નાર. ચાલો ચાલો મારા સ્વામીન. આતો કોણ બેઠી દીસેછે કામન' ત્યારે પ્રભાવતી બોલી સોય, આતો કોણજ નારી હોય આવી છેડે વળગી નાર. છાનોમાનો બેઠો કામદાર ધાંચી કેરો પુત્રી જેહ આવી છેડે વળગી તેહ. ત્યારે નરી દીએ બહુ માન. જેણ ધણી ગોપીના કહાન. પુરવછાયા—સુંદર શરમ પામ્યું અપાર વળગિ કામન ત્યારે વળતે બોલીયો ભદ્રસેન રાજન. આતો હકીકત છે ખરૂં દીઠી નીજ કુમાર હળવે રહીને પુછીયું કહો આ શું કામદાર ચોપાઇ—બોલ્યા ભદ્રસેન રાજન પાસે દીઠી પોતાની તન આ વાતની નીપજ કામદાર અમને સમજાવો આણે ઠાર. સુંદર બોલ્યો મુખથી વચન ત્યારેતેં પુછો તમે રાજન; ત્યારે પુછે ઘાંચણને ઠાર, તારો કેમ થયો ભરથાર. ત્યારે મુખથી બોલી નાર. જીવતદાન દીધુ કામદાર. તે માટે અમારા ભરથાર. સાચુ કહયું મેં એણીવાર ફુલવંતીને કહયું વચન એને હાથે કીધું ભોજન. પછે પુછયું પોતાની કુમાર તારો કેમ થયો ભરથાર. ત્યારે બોલી પ્રભાવતી નાર. પોપટ થઇ આવ્યો કામદાર, તે માટે મારો એ ભરથાર એમાં જુઠુ નહીરે લગાર પછે પુછયું વણિકની કુમાર. તારો કેમ થયો ભરથાર સાકરબાઇ બોલી વચન, સાંભળો પીતાજી મારૂ વચન ચોર કહીને આવ્યો પ્રધાન, તેને આપ્યું મેં જીવતદાન, સીપાઇ મારતા હતા અને ઠાર, રાત ગઇતી તારે બે પોહોર, એને ઉગાર્યો નિરધાર પીતાએ સોપ્યો એ ભરથાર, તે માટે મારો એ સ્વામ, તમું કરોને મારૂ કામ પુરવછાયા—વચન એવાં સાંભળી વીસ્મે પામ્યો રાએ ભલા નસીબ સુંદરતણાં એ વાત સત્ય કહેનાએ વરતાળ કહે રાય સાંભળો સજા વીર સુજાણ પદ્મણી કન્યા કંઠ વરે તે સંભળાવો રાજન ફુલ-

વંતી વરે નહી, એહું પીરશુ અન; સુખ એતો પામે નહી, દુખ પામ્યો રાજન ઘાંચી કેરી દીકરી, તે કેમ વરે નીરધાર, પોપટ એને કીધો સહી પાંજરે ઘાલ્યો કામદાર પ્રભાવતી પરણે નહી, કરંડીયામાં ઘાલયો જેહ, કહયુ તેણે માન્યુ નહી ઉઠી ભાગયો તેહ. ચોપાઈ— પરણે પરણે વણીકની કુમાર, જેણે ઢેડ કરયો ભરથાર. એવાં વઈતાલે કહયાં વચન, વીર ઝાંખો થયો તે મન પછી વઈતાળ કહે સુણો રાય, મોતીચંદ કીધો વિદાય. મંડપ લીંપયો કનકની ગાર શોભે કામ તે મીનાકર પુરવછાંયા—ભાઝન આવ્યુ મલપતુ. મોતીચંદને દુવાર. આનંદ સઉને અતી ઘણો મંગળ ગાએ નાર વઈશાક શુદ એકાદશી ઉતશુ મંગળવાર, શુભ મહુરતમાં આવીયા પોતે ત્યાં કામદાર.

ચોપાઈ—સુંદર પરણવા આવ્યો ત્યાં સાર, હરખ પામ્યા છે નરને નાર પછે તોરણ પાસે આવ્યો સાસુએ મોતી લઈને વધાવ્યો. સાસુ પુખવા આવી ઝાર. હાથમાં લીધો સુવરણનો થાળ, પછે પોંખવા માંડયું કામન હરખ વાધયો પોતાને મન ધુસળ મુસળ નેરવઈ ત્રાક. પોંખી તાણીયું વરનું નાક. ગળે ધાટ ઘાધીને તાણયો, પછે હાથવાળો મેળવયે પછે માહેની મંગળ ગાયે. નાચ રંગ બહુ થાએ મોતીચંદે આપ્યા કન્યાદાન હરખ પામ્યો પોલ રાજન તયાંનો મંગળ વરતાં ચાર, હેતે ચિતયે જમયા કંસાર પરણી ઉઠયા રૂડીરીત, માંહો માંહે બંધાણી છે પ્રિત; મોતીચંદે જમાડી જાન પછે આપયાં ફોફળ પાન, પછી પેરામણી આપી સાર હરખ પામ્યા ભદશેન રાએ મોતીચંદે આપયાં માન, તેને ઉલટ અંગ ન માય. પુરવછાયા—રાજા વાણી બોલીયાં. સાંભળ તું કામદાર, હવે વહેલા થાઓ સહી પરણાવુ સુજબાળ પછે વીવા કીધો સહી પરણાવ્યો પ્રધાન રાજપાટ સોંપયુ સહી દીધા ઝાઝાં માંન પછે ઘાંચાની પરણી સહી પરણયો

ફુલવંતી નાર સુંદર તો સુખ પામીયો, ભાગય તણો નહી પાર કવી- જન તો વળી એમ કહે કરમજ મોટાં હોએ, માન પામે પ્રદેશમાં ગાંજી ન શકે કોએ, કરમજ જેનાં પાધરાં તેને વશ સઉ લોક, ક વીતા વાણી એમ કહે કરમ વીના સઉ ફોક કરમ વીના નર જયાં ફરે, તયાં ન પામે માન, જે નર છે અભાગીયો તેને સુધબુધ નહી સાન. ચોપાઈ— સુંદર પરણ્યો તે રૂડીપેર, સુખ ભોગવે સ્વરગની પેર, કામકાજ પુછી સઉ કરે. દેશ દેશ આણ સુંદરની ફરે એક દી- વસ થયો સંધયાકાળ, મોહેલમાં બેઠી ચારે નાર, મોહોલ મધયે આવયો પ્રધાન રાણીવી ઘણા દીધ માન પ્રભાવતી બોલી વચન, વાત કહુ સાંભળો રાજન તમો છોજી ચતુર શિરોમણી મહારાજ, એ ક અમારૂ કરોને કાજ, તમ આગળ વાત કીજીએ તેનો ઉતર અમને દીજીએ સમશાએ તે કેશુ સાર એમ બોલી પ્રભાવતી નાર, ચારે પાસે બેઠી છે કામન હેતે વાત કરે ચોમન ચોપાઈ—ચતુરાઈથી વાતો કીજીયે, આપો ઉતર તે સાંભળીએ, પછે રાણીયે શમશા કહી તેતો રાજા સાંભળે સહી. પુરવછાયા—નારી બોલી મુખ થકી સાં- ભળો ચતુર સુજાણ, પાંચ પચી વહાલા પુરૂષને તે બતાવો નીરવાણ પાન પાધને પદમણી, પરીમલ ને પોશાક, કાંઈક પુછો અવનવુ જે કહોતે વાચાએ ધનધન નારી તુજને ધન ધન રાજા કુમાર પાંચ કહા વહાલા પદમની તે કહોને અવીધાર કાજલ કુંકુંમ ને ફબેઠી કસુંબોને ને કંથ એ વાંચ વાલાં કામની વળી મુજને તુ પુછત સુંદર વાણી બોલીયો સાંભળ તું નાર, તમોમાં ખોટજ પાંચછે તે અમને દેખાડ. કુડ કુરૂપ કુ લક્ષણી, કુડી નાર કરનાર એ પાંચ નથી મારી કને, સુણો તમે અવીધાર. તમે કહોલાકે અમે એકલા, તમ સાથે છે સાત, તે પ્રતક્ષ દેખુ સહીં બતાવોને નાથ. તીર તરકસ

તરવાડી, ભસો ને તોખાર, બેહુ દુજે ચાળખો એ સાતે મુજ કને સાર ચોપાઇ—પ્રભાવતીએ વચન કહયાં, તેતો સુંદર સરવે લહયાં. વળી ફુલવતી બોલી નાર સાંભળોને મારા ભરથાર. મેં તો દુખ દીધું તમને અચી, તેથી જીભ ઉપડતી નથી. તમો છોજી ચતુરસુજાણ પુછુ તેને કહુ પ્રમાણ. પુરવછાયા— જે મચે ગંગાજળવસે જટા શિરાજે શીશ. નેત્ર ત્રણ કહો મુને. નહી ઉમીયા પતી ઇશ. તયારે સુંદર વાણી બોલીયો. સાંભળરે તું નાર. શ્રીફળ નામ છે તે હનું. સાંભળ તુ વીચાર. એક નળે નગ્ને ગટયો. તેને દીસેસોભનત તે હમણાં છે તમ કને તે બતાવો રાજન સુદર વળતું બોલીયો સાંભળ તું કાગન. જામો નામ છે તેહનું કહું હું તુજને વચન. એક પંખી ઉડે જીવ વીણ. બેસે જેમ ઠામ. મરણ પાસે દેખતાં તે કહો સુજને શામ તવારે સુંદર વળતો બોલીયો. મનમાં રાખી ધીર. તે પુછયુ જે કામની તેનુ નામજ તીર. બે રાણીને સુંદર કહે. તમે છો ચતુરસુજાણ. અમને ઉતર આપીએ હું બોલું તે પ્રમાણ. ચોપાઇ– તું તો સાંભળે ફુલવંતી નાર. રતનસેનની બાળ. મુરખો હતો મારૂ નામ. હું શું જાણું ચતુરાઇનાં કામ. એક વાતનો અરથ કીજીએ. પછે અમને ઉતર દીજીએ. સમસ્યામાં કહુછુ સાર. તમે સાંભળજો તે નર નાર. પુરવછાયા—નર બે ગયા નારીએ જગત જીવારણ જેહ તે વાહલી નારી નરને. મુજને બતાવો તેહ. ફુલવંતી એમ ઓચરી સાંભળો મારા શામ. તમો અમને જે પુછયું તેના કંચુકમાં છે ઠામ નર બે દ્રપે આગલા નારીને વહાલા અપાર. ગલસથલ ચુંબન કરે. તે બતાવો નીરધાર નેત્ર નીહ્‌કે સરવને સામુ ન જેવાને. તેમાં તે એ નર રહે અષ્ટ સત નરબાધ સમસ્યા ગ્રહી તે સાંભળો બસો ... એક તે નારતો પાસેજ છે, આઓ તુજ વીસેક તારી જનુનીએ

રચ્યો તે પાસે તારો કંથ. તે બતાવો સુંદરી વાત એમ પુછાત. કુ-
લવંતી વણતુ એમ કહે સાંભળો બાલન વીર ચાહલો નામ છે તેનું
મન રાખો તમે ધીર ચોપાઈ— મોલી બોલી વણીકની બાળ, અમે
રાંક વણીકની અદાગ. તેલ વેચીને પેટજ ભરીએ, તેની વાત ઝાઝી
શું કરીએ. અમે ગરીબ માણસ જેહ એતો રાજપુત્ર કહીએ તેહ.
એક વાત કહું છું તમને. તમે રીસ નવ કરશો અમને. એમ અમે
પુછુ વાત તમે સાંભળો મારા નાથ. સમસા મેં કહી એ જગ. તમે
સાચુ બોલો પરમાણ. પુરવછાયા—સાચુ બોલજો મુખથકી રીસ નવ
કરશો લગાર. વાતનો અરથ કીજીએ સાચુ કહુ અવીચાર પીળો પણ
પોપટ નહી કાળો પણ નહી નાગ પાખો પણ પંખી નહી, ડસે પણ
નહી નાગ કુંજમ પેમલ વહાલો ઘણો પદમ ઉપર રહે જેહ. પુછુ
તમે પેમદા. ભમરો નામજ તેહ નારી પણ નીરમળ નહી. કાળી પણ
નહી કોલ. દરે રહે પણ નાગણ નહી રાજા સાચુ બોલ. જે બાંધે
બલ બહુ ચડે. શોભે શુરને નાર. મરણ પામે બેસતાં તેનું નામ
તરવાર ચોપાઇ—શામ કુંવર ઘાંચીની બાળ. તેતો વચન બોલી રસાળ
એતે. નારી ચતુરા સોએ. તેપર મન નમારૂ મોહે. એમ કહીને બોલી
નાર મારી વાત સુણોને લગાર સાચુ કહો તમે મારા સામ મારા
મનની તે પુરો હામ. એક વાતનો અરથ કીજીએ, કીગતે તેનો
ઉતર દીજીએ. હુંતો સમશા કહું છું સાર. તમે સુણો મારા ભરથાર
• પુરવછાયા—નર એક નામાંકીત સદા સુત છે તેના બાર. ચલે એક
પછી બીજો સથીર નહી લગાર. ત્યારે સુંદર બોલીયો. સુણ તું ચ
તુરા નાર. પુરૂષ સંવતસર ભલા. સુત તે માસજ બાર આઠ કટકે
નર નીપજે. બે નારી નર ચાર. બે માંહે વચંડળ વસે. તે બતાવો
ભરથાર. ત્યારે સુંદર એમ કહે. સાંભળ તુ હામન. પલગ નામે છે

તેહનું. જે પર કજીરે સયેન સુખનું માડણુ સરવેનું જેને વાધે કામ તે વાહાલુ ઘણું તમ કને બતાંવ્ઃ તે શામ. અજુક્ષખ જે કામની વેણુ તો વેચાએ જેમ જેમ ખાધે સંચરે મુલ માંઘેરાં થાય. સુંદર કહે નારી સુણો. સમશા પુછુ નામ, જુગનેથી તે જાણીએ. પેમદા તેતો પાન. સોળ સાહેલીમાં રમે ખેલ ત્રણ કુમાર. તમ ઘર તે અમ દેખતાં તે બતલાવો બરથાર રાજ્ને લે તોરી દેખતાં દેખતામાં તો દેહ. હારે જીતે પોડજ કરે સામાં સોગટાં તેહ. ચોપાઇ—એમ માડો માંહે અરથજ કહયા. તે સમજીને રાજી થયા. એમ કરતાં થયો પ્રભાત, આનંદમાં તે વીતી રાત. મુખં મંજન કીધુ પ્રધાન, પછે સંભરયા શ્રી બગવાન. ઉના પાણી થયાં તયાર સુંદર નાહી ધોઇ ખંઇ તેને ઘોડે થયો સ્વાર. વેગે આવ્યા રાજ દુવાર. સુંદર આવ્યો સભા મોજાર. આવી રાજાને કીધો જુહાર. રાજાએ ઘણાં દીધાં માન. આવો આવો દેશ દીવાન. સુંદર વીના નવ ચાલે ઘડી. ઘણી પ્રિત જીવે સાથે જડી. સુંદર જે કરે તે થાએ સુંદદ વીના ઘડી ન રહેવાએ, સુંદર પ્રાણુ તણો આધાર, સુંદર આંખો કરે ઠાર, ભેલા એસી કરો ભોજન ઘણું સુંદરટે બાંધયુ મન, રાજાની રાણી છે પ ચાસ ઘણું કરતાં સુંદર શું હાસ્ય, મુંદર આવો કરીએ પંથ, ચાર રાણી કરે પથ બેશે કચેરી મોજાર આવો સુંદરનો દરબાર, સુંદર આપે તે રાજા ખાએ ભેળા અગોઆ દમવાને જાએ સુંદર જે કરે રજા બોલ. આજ નહી કોઇ તારે તોલ, લાડકો રાજાજીનો કહેવાએ સુંદર જે કરે તે થાએ. પુરવછાયા—ઘણા દીવસ એમ વહી ગયા. સુખમાં અપરમપાર, સુંદર સુતો મોહોલમાં પાસે ફુલવંતી નાર ઘર પોતાનું સંભરયું, માત તાત ને ભ્રાત. મળીએ વેગે તેહને, સુખ દુખ કહીએ વાત, ચોપાઈ—એમ સાંભરે માત ને તાત, બીજા આં

સાંભરે છે નીજભ્રાત, તેથી સુંદર કરે આશુપાત. વારંવાર સમાજે છે માત. જેણે દીધી મુને આશીશ. જીવો પુત્ર કરોડો વરસ અંતરમાં વીમાશણ કરે, હઇડામાં માતા સાંભરે, મારી બો રૂડી હતી સાર. તેનો વીજોગ છે અપાર ફીરપા કરે જે દેવ મોરાર, જ઼ઇને મળુ આણીવારે, પુરતછાયા— એમ જાણી રૂવે સહી, ચીંતા કરી અપાર, વળતો બોલી ત્યાં સહી, જે ફુળવંતી નાર. ખમાં ખમાં મુજ કંથજી, શું ઉપજ્યુ દુખ વાત કરે. મુજ આગળે જેમ તમને થાય સુખ કોણે તમને દુભીવા, શું બોલી નભાવતી નાર, શું બોલી વણીકની દીકરી દુખ્યા કાંઇ ભરથાર ડાકણ કેરી દીકરી બોલી છે કાંઇ વાણ, સાચુ બોલો કંથજી, કહો મને નીરવાણ, રાજાએ કંઇ દુભીયો. કેમ નઇણે આવ્યાં નીર, તે માટે મુજને કહે, કે સુખ નથી છરીર. **ચોપાઇ**—સાચુ કહોને મારા સ્વામ, શું નથી તમને આરામ હું જાઉ તમ ઉપર બલીહાર તમને ખમા ખમા ભરથાર સુંદર, બોલીયો મુખથી વચન સાંભળ વાત મારી કામન, મુને વરસ થયાં છે બાર. દેશ મુકયો ને આવ્યો આ ઠાર હવે જવું મારે ત્યાં. પ્રભાવતીને તુ સમજાવ. તારી ઉપર રાખે છે ભાવ ત્યારે બોલી ફુલવંતી નાર, તમે શાંભળો મારા ભરથાર. મને પણ સાંભરે મારા ત્રાએ. દેશ વરસ વહીને જાએ પછી રજની વીતી તતકાલ. એટલે થયો પ્રાતુશકાળ. ત્યાં આવી પ્રભાવતી નાર. બીજી આવી ધાંચીની કુમાર ફુલવંતી બોલીરે વચન. સાંભળો પ્રભાવતી કામન. સાંભળ તુ ધાંચીની કુમાર. એક ઉપન્યો છે મન વિચાર આપણ કહીએ જે હાસ્ય વચન દુખ ઉપન્યુ તેનુ મન. સ્વામી ચીંતા કરે છે અપાર. આંખે ઝરે છે આંસુની ધાર. તેને સાંભરે છે માતને તાત. પછી સરવ માની વાત પ્રભાવતી સાંભળ તુ વચન તુતો શુણુ ભદ્રસેનની તન સ-

મનાવો તમારો બાપ સુખ થાયે ને ટળે સંતાપ આપણે જાવુ સાસર જાણું ત્યારે પ્રભાવતી બોલી વાણુ સાસરે જાયેછે સઉ નાર. એમ ચાલ્યો જાએછે સંસાર. સમજાવુ પીતાને સે.એ. તેનો નકાર ન કરે કોએ. પુરવછાયા—તે દીવસ એમ વહી ગયો, સંધ્યા સમે નીરધાર. દરબારેથી આવીઆ સુંદર જે કામદાર આવીને ભોજન કરી સુવા ગયો કામદાર, પ્રભાવતીના મ્હોલમાં આવ્યો તેને ઠાર. પુષપે રાજા પાથરી. ઉપર પોઢયા જાણુ, મુખ ઝાંખુ ત્યાં દેખાન બોલી મુખથી વાણુ શા માટે તમે ચ્યાણુગમા. કહો તે મુજ વાત જેમ કહો તેમ હું કરૂ. ચીંત ટાળો નાથ. ત્યારે સુંદર બોલીયા તું સાંભળ રાજકુમાર. દેશ મને બહુ સાંભરે. વરષ થયાં છે બાર. તે માટે જાશું સહી પીતા દેશ મોઝાર. મન ગમે તો આવજે ત્યારે બોલાં નાર ચોપાઇ—તમે ચાર છો કામન. વાત આવે તમારે મન અમે જાસું અમારે ઘેર, દીવસ થયા ઘણા પેર. તવ બોલી પ્રભાવતી નારતમો સાંભળો મારા ભરથાર. જેમ કહો તેમ અમે કરીએ. વાત તમારી ચીતે ધરીએ. એક વાતનો કરીયે વીચાર. તમે સાંભળો મારા ભરથાર. કયો દેશને કયુ ગામ, કોણ માત તાત લીયો નામ. કેમ નીસરયા છો પરદેશ. હજી છો તમે બાળે વેશ તેતો વાત કહોને ખરી અમે સાંભળીયે ચીત ધરી. પુરવછાયા—તવ સુંદર વળતો બોલીયો સાંભળરે તું નાર. વાત માંડી કહુ તુજને તેહ તણી વીચાર. કનકાવતી નગરી સહી. તયા કનકસેન રાજન ચાર ભાઇ અમો ખરું આમો સત્ય વચન. ચોપાઇ—પીતાને કહયું ચારો વચન કેને નશીબે જમોછો અન. તેતો કહોને સત્ય વચન. તમારે નશીબે જમીએ અન પછી મુજને પુછયું રાજન. કેતે નશીબે જમે તુ અન ત્યારે મન કર્યો વીચાર જુઠું નવ બોલુ લગાર. ત્યારે બોલ્યો વચન સાક્ષાત નશીબે કરેછે

સાચી વાત એમ બોલ્યો હું નીરધાર જેણે જન્મ દીધો સંસાર. પ્ર-
ત્ય પુરે સરવનુ અંન પીતા માતોને મુંજ વચન. પુરવછાયા—વાત
એવી સાંભળી રાજાને ચડી રીસ કહાડો એને વન વીશે. નહીકર છે
દીશ શીશ. પોતાનાપર વીતેલી વધી વાત પોતાની ચારે રાણીઓ આ
ગળ કહી સંભળાવી. પોતાના દેશ તરફ જવા પોતાની ચારે રાણીઓ
ને તયાર રહી રહેવા કહી પોતે રાજા પાસે ગયો અને દેશમાં જવા
ની રજા માગી. રાજાએ દેશમાં નહી જવા માટે સુંદરને બહુ સમજા
વ્યો પણ તે સમજ્યો નહી તેથી રાજાએ અખુટ ખજાનો તથા લા
વ લસ્કર આપી વીદાય કીધો ફરતો ફરતો તે સાતમે દીવસે ફુલવં
તીના બાપ રતનસેનના ગામની પાદરે તંબુ નાંખ્યો. સુંદરનો આવો
ઠાઠમાઠ જોઇ રતનસેન રાજાને બહુ બીક લાગી પોતાના પ્રધાનની
સલાહથી રાજા અપાર ધનથી સુવરણનો થાળ ભરી પ્રધાનને સાથે
લઇ પગે ચાલતો સુંદરને મળવા આવ્યો રાજાને આવતો જોઈ સુંદર
સામે જઈ તેને બેટી પોતાના તંબુમાં લાવે છે. એટલામાં રતુકાર
બાહાર નીકલી. તે જોઇ રાજા વીશમય થયો. રતુકાર રાજા તે ફુલવં
તી પાસે લઇ ગઇ. બાપ દીકરીનો મેલાપ થતાં બંને હયાફાટ રોયા
તે બધા ટગમગ જોઇ રહયાં. ચોપાઇ—પછે ફુલવંતી બોલી વચન.
જામીત્રને મળ્યા સજન, પછે મળ્યા સસરો જમાઇ ખેમકુશળની પ-
છી વાત પુછે સહેરમાં આવ્યા રાય સસરો જમાઇ આગળ થાય.
સેજપલ ચાલે પ્રધાન. તેણે ઘણાં દીધાં માન. આવ્યા નગર મોઝાર
હરખ પામયા સઉ નરને નાર. પછે ભોજન કરાવ્યાં રાજન દીધાં લ
સ્કરને ભોજન પ્રધાન ફરે નોંતરે. નગર આખુ ત્યાં ભોજન કરે. પછે
થયો સધયાકાળ જમી રહયા બાળ ગોપાળ. પછે દરબાર કચેરી ભરે
પાસે ચોસઠ દીવા બળે બંદીજન ત્યાં કરે વખાણ ભલો ભલો તુ સું

દર રંજન રતનસેન બહુ રાઢ થયો ભલે આવ્યા તમે સુંદર રાએ મારા ભાગ્ય તણો નહી પાર આજ સફલ થયો અવતાર. ફુલવંતી સુતી હીંડોળે તેને દાસીએ વાયું દોળે પ્રભાવતી સતીરે પલગ વણીક પુત્રી ભેળી સંગ. સુની ધાંચી કેરી બાળ એમ સુતી સ્ત્રી ચાર પછે સુતો સુંદર પાસ સરવેને ઘણો ઉલ્હાસ પુછે રાજા કેમની પેર તમ ને પ્રભુએ કીધી મેહેર કેમ પરણ્યા ચાર કન્યાએ. તેનો વાત કરોને રાએ સુંદર બોલ્યો ધરતો લાજ જાણતાં પ્રભુએ કીધુ કાજ ઝાઝી વાત માં પુછો રાય એમાં થનાર હોય તે થાએ ત્યારે રાજા સમજ્યો મન પછે બોલ્યા નહી વચન રાજા મુખથી એમબોલે સુંદરને કોહના આવેતોલ

પુરવછાયા—તે રજની એમ વહી ગઇ. થયો પ્રાતઃકાળ મુખ મંજન કીધુ રાયજી, સમરયા શ્રી ગોપાળ· પછે સભામાં આવીયા સું-દરર રાજા જાણ બંદીજન ત્યાં આવીયા તે કરત. બહુ વખાણ ભાટ ચારણ ગુણને ગાંધરવ. બોલે જય જયકાર સહુને દાનજ આપીયા તે હરખે અપરમપાર.

ચોપાઇ—બહુ હરખ પામ્યો તયાં રાએ પછે ભોજન કરવા આ વ્યા રાએ આરોગી કંસાર રાજી થાએ દીધ મુખવાસ એલચી પાન પાસે બેઠા રાજા પ્રધાન, પછે પંડયાને તેડયા જાણ સુંદર ઉઠી કરયો પ્રમાણ આગતા સ્વાગતા કીધી જાણ સુંદર બોલ્યો તયાં વાણ આ પો મોહોર તે એક હજાર પડયો હરખ પામયો અપાર.

પુરવછાયા—આશીશ વચન પંડયે કહયુ ચીરંજીવી તુ રાયે એ મ કહીને સંચરયો પોતાને મંદીર જાએ સુદર આવ્યો મોહલમાં ફુ-લવંતી તેડી સાર આપણ હવે ચાલશુ થાવો તમે તઇયાર એમ ક હીને પાછો વળયો આવ્વો સભા મોઝાર રાત રાય બેઠો સહુ તેણે કરયો જુહાર.

જાહેરખબર.

સંસારચિત્ર.

પણ લક્ષમાં કોણ લે છે?

આ કાદંબરી રસાલ કાવ્યથી ભરપુર છે તે વંચતાં દરેક જણને જાણે પોતનું ચરિત્ર લખેલું હોય એવો આભાસ થવાથી સાથે રસિક લાગે છે તેમજ ઘર સંસારના તથા કુટુંબના વ્યવહારના વર્ણનો વખતના વિવિધ દેખાવો મનને ઘણો આનંદ આપવા ઉપરાંત આબેહુબ અસર કરે છે- વિદ્વાનોને, તેમ સાધારણ માણસો અને બાળક જુવાન તથા વૃદ્ધ સ્ત્રી પુરૂષોને રસાનુભવના સ્મરણમાંથી શિક્ષણ જડે જ્ઞાન થતાં વિનોદાત્મકતા વધે છે ટુંકામાં એકવાર આ પુસ્તક હાથમાં લીધા પછી અધુરૂં મુકવું ગમતું નથી વારંવાર વાંચવાથી અભાવ થતાં વધારે મજા પડે છે એટલે દરેક માણસે પોતાને ઘરમાં સંગ્રહ કરવા લાયક છે વારતા રૂપે વધારે ઉત્કંઠા ઉત્પન્ન કરે છે કિંમત માત્ર રૂ ૧-૪-૦